EDI

Divya Bhaskar

August 14, 2013
Page No. 2
City Bhaskar

# હવે લાઇબ્રેરીને લોકો સુધી પહોંચવું પડશે

• સિટી રિપોર્ટર અમદાવાદ

અમદાવાદ લાઇબ્રેરી નેટવર્ક (એડીઆઇનેટ) દ્વારા 'રિડીફાઇનિંગ લાઇબ્રેરીઝ ટુ ક્રિએટ નેક્સ્ટ જનરેશન લાઇબ્રેરીઝ'નું આયોજન ઇડીઆઇ ખાતે કરવામાં આવ્યું હતું. પ્રેક્ષાગૃહ(ઓડિટોરિયમ), જેનાં ઇનોગ્રેશન માટે નિરમા યુનિવર્સિટીનાં ડાયરેક્ટર જનરલ ડો. અનુપ સિંઘે હાજરી આપી હતી. તેમજ કિનોટ એડ્રેસ આઇઆઇએમએનાં લાઇબ્રેરિયન ડો.અચ.અનિલ કુમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

ઇડીઆઇનાં ઉપક્રમે યોજવામાં આવેલાં આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમજાવતાં ઇડીઆઇનાં લાઇબ્રેરી ઇન્ચાર્જ બી.ગણપતિએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ અમે ગુજરાતની બધી જ લાઇબ્રેરીઝનાં લાઇબ્રેરિયનને એક પ્લેટફોર્મ પર લાવવા માટે તેમજ નેટવર્કિંગ માટે યોજ્યો હતો.

આ પ્રસંગે ડો. અનુપ સિંઘે તેમનાં લેક્ચરમાં કહ્યું હતું કે, અત્યાર સુધી લાઇબ્રેરીઝ સુધી લોકો જતાં હતાં. પરંતુ આગામી ભવિષ્યમાં જો લાઇબ્રેરીઝનો વિકાસ સાધવો હશે, તો લાઇબ્રેરીઝે લોકો સુધી પહોંચવું પડશે. આ ઉપરાત દરેક યુઝર્સને માહિતગાર પણ રાખવા પડશે. આ ઉપરાંત તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કમ્પેન્ટેન્સીઝ ડેવલપ કરીને તેમાં બદલાવ લાવવો ખૂબ જ જરૂરી છે. લોકોને જો વાંચન માટે જાગૃત રાખવા હોય તો આઇ.ટી.ટેક્નોલોજીનો ઉપયોગ કરવો જોઇએ.